| PUBLICATION NAME : | Divya Bhaskar |
|---|---|
| EDITION : | Gandhinagar |
| DATE : | 23/02/2023 |
| PAGE : | 2 |

દિવ્ય ભાસ્કર ગાંધીનગર 23-02-2023

**CONFERENCE** EDIIની વાર્ષિક કોન્ફરન્સમાં દેશની જાણીતી યુનિ.ના વીસીએ કહ્યું..

# આંત્રપ્રિન્યોર એજ્યુકેશન કોર્સને યુનિવર્સલ કરો અને વિઝિટિંગના સ્થાને કાયમી ફેકલ્ટી જ રાખો

## નેશનલ એજ્યુકેશન પોલિસી અંગે એક્સપર્ટ ટોક યોજાઇ



ગાંધીનગરઃ EDIIની 10મી દ્વી વાર્ષિક કોન્ફરન્સ યોજાઈ. આ કોન્ફરન્સમાં આંત્રપ્રિન્યોરશિપને લગતા વિવિધ મુદ્દાઓ પર ચર્ચા કરાશે. પહેલા દિવસે વાઈસ ચાન્સેલર્સ અને ડિરેક્ટર્સ કોન્કલેવ યોજાયો. આ કોન્ફરન્સમાં 10થી વધારે દેશોના સ્કોલર્સ 125થી વધુ રિસર્ચ પેપર રજૂ કર્યા હતા. વીસી અને ડિરેક્ટર્સ કોન્કલેવમાં 'નેશનલ એજ્યુકેશન પોલિસી 2020ના ઉપલક્ષમાં આંતરપ્રિન્યોરશિપ' પર એક્સપર્ટ્સે પોતાના વિચારો રજૂ કર્યા. આ કોન્કલેવમાં દેશની અલગ અલગ યુનિવર્સિટીના વીસી હાજર રહ્યાં હતા. એક્સપર્ટ્સના મતે આંત્રપ્રિન્યોરશિપ એજ્યુકેશનમાં ડુઈંગ ઈસ મોર ઈમ્પોર્ટન્ટ ધેન થિંકિંગ અને તેનો સિલેબસ પણ ઈન્ડિયા લેવલે યુનિવર્સલ હોવો જોઈએ.

### એજ્યુકેશનમાં બદલાવ અંગે મંતવ્યો

- આંત્રપ્રિન્યોર એજ્યુકેશનમાં 4C એટલે કે ક્રિટિકલ થિંકિંગ, ક્રિએટિવિટી, કોલેબ્રેશન અને કોમ્યુનિકેશન પર ફોક્સ કરો
- આંત્રપ્રિન્યોર એજ્યુકેશન માટે યુનિવર્સિટીએ બજેટ ફાળવવું જોઈએ. વિઝિટિંગ ફેકલ્ટીઓથી કામ ના ચલાવું જોઈએ
- રિસર્ચ કરતા તેના અમલીકરણ પર વધારે ફોક્સ કરવું જોઈએ
- આંત્રપ્રિન્યોરશિપ માટે શોર્ટ કોર્સ ડિઝાઈન ના કરો
- સ્ટુડન્સને ઈન્ડસ્ટ્રી ઈનસાઈટ મળી રહે તે માટે એકેડમિકની સાથે સાથે ઈન્ટરનેશનલ એક્પોઝર પણ આપવું જોઈએ
- આંત્રપ્રિન્યોરશિપ માટે મેન્ટરશિપ ખૂબ જરૂરી છે જેથી 'બેસ્ટ મેન્ટર એકેડમીમાંથી નહીં પરંતુ ઈન્ડસ્ટ્રીમાંથી પસંદ કરો
- આંત્રપ્રિન્યોરશિપ માટે નોલેજ કરતા કામ કરવા પર ધ્યાન આપવું. 'ડુઈંગ ઈસ મોર ઈન્પોટન્નટ ધેન થિંકિંગ'.
- અભ્યાસક્રમ મોટો કરવાથી સ્ટુડન્ટસને બધુ આવડી જતું નથી, જેથી સિલેબસ કરતા પ્રેક્ટિકલ નોલેજ પર ધ્યાન આપવુ જોઈએ
- ગ્રામ્ય વિસ્તારોમાં આંત્રપ્રિન્યોરશિપના પ્રોગ્રામ વધારે કરવા જોઈએ, કારણકે ભારતની મોટા ભાગની વસ્તી ત્યાં જ રહે છે.
- એસેસમેન્ટ ઓફ લર્નિંગ નહિ એસેસમેન્ટ ફોર લર્નિંગ પર ફોક્સ કરવું જોઈએ.

### આદર્શ આંત્રપ્રિન્યોર જાડી ચામડીનો હોવો જોઇએ

આદર્શ આંત્રપ્રિન્યોર અંગે વાત કરતા એક્સપર્ટસે જણાવ્યું હતું કે સારો આંત્રપ્રિન્યોર એ જાડી ચામડીનો હોવો જોઈએ જેને સફળતા કે નિષ્ફતાથી કોઈ ફરક ના પડવો જોઈએ એ તેની પરવા કર્યા વગર તેનું કામ સતત કરતો રહેવો જોઈએ. મારા મતે દરેક આંત્રપ્રિન્યોરમાં ઉડવાની ક્ષમતા છે સારો એ છે કે જેને ખબર હોય કે ક્યાં અને ક્યારે કેવી રીતે ઉડવું છે.